ધાર્યું તે થવાનું તો શું વ્યર્થ આ પછાડ, તારે શરણે થાઉં ન-ચિંત, એવો દિ' દેખાડ...

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૧૦૧ |
| અમદાવાદ | ૧૭૭ |
| ગાંધીનગર | ૨૧ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૬૪ ૨૪ ઓગસ્ટ, ૨૦૨૦, સોમવાર; ભાદરવા સુદ - ૬ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કડીમાં આભ ફાટ્યું : ૧૩ ઈંચ વરસાદ

**મહેસાણાના કડીમાં મેઘાની ધમાકેદાર વરસાદથી જળબંબાકાર : પૂરની સ્થિતિને પહોંચી વળવા ૧૧ એનડીઆરએફની ટિમો રાજ્યમાં તૈનાત કરાઈ**

મહેસાણા,તા.૨૩

ગુજરાતમાં વરસાદી સિસ્ટમ સક્રીય થતાં સમગ્ર રાજ્યમાં મેઘમહેર જોવા મળી રહી છે. રવિવારે સવારે ૬ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધીમાં રાજ્યમાં ૨૩૪ તાલુકામાં મેઘમહેર જોવા મળી છે. રવિવારે સમગ્ર રાજ્યમાં મેઘરાજાએ મહેસાણા જિલ્લામાં તોફાની બેટિંગ કરી હતી. મહેસાણાના કડીમાં આભ ફાટ્યું હોય તેમ ૧૩ ઈંચ વરસાદ વરસતાં જળબંબાકારની સ્થિતિનું નિર્માણ થયું હતું. જ્યારે સરસ્વતીમાં ૭.૫ ઈંચ, બેચરાજીમાં ૮.૫ ઈંચ અને જોટાણામાં ૭ ઈંચ વરસાદ ખાબક્યો હતો. તો મહેસાણાની બાજુમાં આવેલ પાટણ જિલ્લામાં અનરાધાર વરસાદ ખાબત્યો હતો. અત્યાર સુધી કુલ ૧૧૨ તાલુકાઓમાં એક ઈંચ કરતાં વધુ વરસાદ પડયો છે.





મહેસાણા શહેરમાં ૫.૩ ઈંચ વરસાદ નોંધાયો હતો. નાગલપુર કોલેજ વિસ્તાર, સત્યનારાયણ, નેતાજી નગરમાં પાણી ભરાયા હતા. ઘરમાં પાણી ફરી વળતા સ્થાનિકો મુશ્કેલીમાં મુકાયા હતા. આ ઉપરાંત પાટણ અને ગાંધીનગર જિલ્લામાં પણ ધોધમાર વરસાદ નોંધાયો હતો.

રાજ્યમાં સતત ૨ દિવસથી વરસાદી માહોલ વચ્ચે સરકાર પણ હરકતમાં આવી હતી. અને મુખ્ય સચિવની અધ્યક્ષસ્થાને એક બેઠક મળી હતી. બેઠક બાદ રાજ્યના રાહત કમિશનર હર્ષદ પટેલે પ્રેસ કોન્ફરન્સને સંબોધતાં જણાવ્યું હતું કે, રાજ્યમાં ૯૩ ટકા જેટલો વરસાદ રાજ્યમાં પડી ચૂક્યો છે. માત્ર બે તાલુકા એવા છે, કે જેમાં ૨૫૦ મિલીમીટર એટલે કે ૧૦ ઈંચથી ઓછો વરસાદ પડયો છે.

# ભારત ઓક્સફોર્ડની રસીનો ડોઝ ફ્રી વિતરણ કરે તેવી વકી

**૭૩ દિવસમાં વેક્સિન ઉપલબ્ધ થશે : વેક્સિનનું ભારતમાં કોવિશિલ્ડ નામથી ઉત્પાદન થશે : ઓક્સફર્ડ દ્વારા વિકસાવાયેલી કોરોના વેક્સિનનું ભારતમાં ઉત્પાદન કરવા સીરમ ઇન્સ્ટીટયુટે પરવાનગી મેળવી લીધી**

નવી દિલ્હી, તા. ૨૩

બ્રિટનની ઓક્સફર્ડ દ્વારા વિકસાવાઈ રહેલી કોરોના વેક્સિનનું ભારતમાં ઉત્પાદન કરવા માટે સીરમ ઈન્સ્ટીટયુટે પરવાનગી મેળવી લીધી છે અને ભારત સરકાર સીરમ ઈન્સ્ટીટયૂટ પાસેથી વેક્સિન ખરીદી કરશે અને લોકોને મફતમાં આપશે. સીરમ ઈન્સ્ટીટયૂટને દુનિયાની સૌથી મોટી વેક્સિન ઉત્પાદન કરનાર સંસ્થા માનવામા આવે છે. સીરમ ઈન્સ્ટીટયૂટ ન કેવળ ઓક્સફર્ડની કોરોના વેકસીન પરંતુ બીજી વેક્સિન કેન્ડિડેટનું પણ ઉત્પાદન કરી રહી છે. ઓક્સફર્ડ યુનિવર્સિટીવાળી કોરોના વેક્સિનનું ભારતમાં કોવિશિલ્ડના નામથી ઉત્પાદન થશે. ભારત સરકારે સંકેત આપ્યો છે કે આ સીરમ ઈન્સ્ટિટયુટ એ સીધી વેક્સિન ખરીદશે. સરકાર એવી યોજના બનાવી રહી છે કે જેમા આ વેક્સિન લોકોને મફતમા મળશે. સરકારે સીરમ ઈન્સ્ટીટયૂટ પાસેથી આવનારા વર્ષના જુન મહિના સુધી ૬૮ કરોડના ડોઝની માંગણી કરી છે. સરકારે આ વેક્સિનનુ ટ્રાયલ ઝડપથી પુરૂ કરવા માટેની

● અનુસંધાન પાન-૭ પર

# ફિલ્મોના શૂટિંગ ફરી શરૂ કરી શકાશે

**કેન્દ્ર સરકારે બહાર પાડી ગાઈડલાઈન્સ : પ્રસારણ મંત્રાલયે મીડિયા ઈન્ડસ્ટ્રી માટે એસઓપી જાહેર કરી જેમાં ઓછામાં ઓછો ફિઝિકલ ટચ રાખવો પડશે**

મુંબઈ, તા.૨૩

માર્ચ મહિનામાં ભારત સહિત વિશ્વભરના દેશોમાં કોરોના મહામારીના કારણે ફિલ્મોના શૂટિંગ અટકી ગયા હતા. હવે ૬ મહિના બાદ કેંદ્રીય સૂચના અને પ્રસારણ મંત્રાલય દ્વારા ફિલ્મોના શૂટિંગ માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર જાહેર કરવામાં આવ્યા છે. મહારાષ્ટ્રમાં છેલ્લા બે મહિનામાં ફિલ્મોના શૂટિંગ માટેના વિવિધ એસઓપી જાહેર કરાયા હતા ત્યારે અન્ય રાજ્યો કેંદ્રીય સૂચના અને પ્રસારણ મંત્રાલયની પરવાનગીની રાહ જોતા હતા. રવિવારે એસઓપી જાહેર કરતાં સૂચના અને પ્રસારણ મંત્રી પ્રકાશ જાવડેકરે કહ્યું, "છેલ્લા ૬ મહિનાથી ફિલ્મોના

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૩૪૫૬૪૫૨ | ૮૦૯૯૭૯ | ૧૫૯૮૪૪૨૭ |
| ભારત | ૩૦૮૦૪૮૩ | ૫૭૨૬૩ | ૨૩૧૩૫૧૦ |
| ગુજરાત | ૮૬૭૭૯ | ૨૮૯૭ | ૬૯૩૨૯ |
| ગાંધીનગર | ૨૨૦૫ | ૧૨૯ | ૧૮૨૦ |

# દેશમાં કોરોનાના કેસ ૩૦ લાખને પાર

**છેલ્લા ૨૪ કલાકમાં ૬૯,૨૩૯ નવા કેસ, ૯૧૨ દર્દીનાં મોત : કુલ ૫૬,૭૦૬ લોકોએ ગુમાવ્યો જીવ**

ન્યુ દિલ્હી,તા.૨૩

કોવિડ-૧૯નું સંક્રમણ જે રીતે દેશમાં વધી રહ્યું છે તેનાથી ચિંતામાં વધારો થઈ રહ્યો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ તરફથી રવિવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૬૯,૨૩૯ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૯૧૨ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. ભારતમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૩૦,૪૪,૯૪૧ થઈ ગઈ છે. નોંધનીય છે કે, ભારતમાં કોરોના વાયરસના હવે ૭ લાખ ૦૭ હજાર ૬૬૮ એક્ટિવ કેસ છે. બીજી તરફ, ૨૨ લાખ ૮૦ હજાર ૫૬૭ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૫૬,૭૦૬ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. બીજી તરફ, ગુજરાતમાં ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૧૨૧૨ નવા કેસ નોંધાયા છે. જેની સામે ૯૮૦ દર્દીઓ સાજા થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોવિડ-૧૯ના કારણે ૧૪ દર્દીના મોત થયા છે. રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૨૮૮૩ થયો છે. ૨૪ કલાકમાં સૌથી વધુ સુરત જિલ્લામાં ૨૩૮ કેસ નોંધાયા છે.

રાજ્યમાં કોરોનાના કુલ કેસ ૮૫,૬૭૮ છે. જેમાંથી એક્ટિવ કેસ ૧૪,૫૩૮ છે. આજે રાજ્યમાં કુલ ૭૫,૨૫૮ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

સ્વાસ્થ્ય મંત્રાલયની તરફથી જાહેર કરાયેલા આંક અનુસાર દેશમાં ૧૬થી ૨૨ ઓગસ્ટ સુધી એક અઠવાડિયામાં ૫૮૧૪ લોકોના મોત થયા છે. રોજ ૯૦૦થી વધુ લોકોના જીવ ગયા હોવાનું છેલ્લા એક અઠવાડિયામાં નોંધાયા છે. આ સાથે જ ૧૯ ઓગસ્ટે ૧૦૯૨ લોકોના મોત કોરોનાથી થયા છે. કોરોના સંક્રમિતમાં અમેરિકા દુનિયામાં પહેલા, બ્રાઝિલ બીજા અને ભારત ત્રીજા સ્થાને છે.

## છેલ્લે... છેલ્લે...

- પ્રણવદાની હાલતમાં કોઈ સુધાર નહીં, હાલ વેન્ટિલેટર સપોર્ટ પર
- મધ્યપ્રદેશના આરોગ્ય મંત્રી પ્રભુરામ ચૌધરી કોરોનાથી સંક્રમિત
- પૂર્વ સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ રાજન ગોગાઈ મુખ્યમંત્રી પદના ઉમેદવાર નહિ હોવાની જાહેરાત કરી.
- બિહારમાં નિતીશકુમારના નેતૃત્વમાં જ ભાજપ-જેડીયુ અને એલજેપી ચૂંટણી લડશે
- બીજી કોરોના વાયરસની રસી બનાવવામાં રશિયા સફળ

# કોંગ્રેસમાં સોનિયા ગાંધીની મદદ માટે બે ઉપાધ્યક્ષ નિયુક્ત થઈ શકે

**કમિટીની બેઠક હેકિંગના ડરથી ઝૂમ એપને બદલે વેબ એક્સ પર થશે, સોનિયાએ સાંસદો સાથે મુલાકાત કરી**

નવી દિલ્હી,તા.૨૩

કોંગ્રેસ નેતા છેલ્લા અનેક દિવસોથી કોંગ્રેસ કાર્યસમિતિની બેઠકની તૈયારી કરી રહ્યા છે. કોંગ્રેસ વર્કિંગ કમિટીની આ બેઠક હવે હેકિંગના ડરથી ઝૂમ એપને બદલે વેબ એક્સ પર થશે. અગાઉ સોનિયા ગાંધીએ રાજ્યસભા સાંસદો સાથે મુલાકાત કરી હતી, આ ઘટનાને એક ખરાબ અનુભવ કરાવ્યો હતો. તેથી આ વખતે કોંગ્રેસ આવી કોઈ તક આપવા નથી માંગતી. આ વખતે બેઠકના ઠીક પહેલા તેમાં ભાગ લેનારા કાર્યકર્તાઓને અને નેતાઓને આઈડી પૂરા પાડવામાં આવશે. લીક કે હેકિંગનો આ ડર ચીન, પાકિસ્તાન કે ત્યાં સુધી કે બીજેપીથી નથી. આ ડર પાર્ટીની અંદરના લોકોથી જ છે. કોંગ્રેસ નેતૃત્વ સંકટનો સામનો કરી રહ્યું છે. એવા સમયે કોંગ્રેસના વરિષ્ઠ નેતા જે અંતિમ બાબત ઈચ્છે છે, તે એ છે કે તેઓ આંતરિક સંઘર્ષને જાહેર કરવા માંગે છે. જોકે, બેઠક આયોજીત કરવાના સાધનોમાં પરિવર્તન તે સંકટ પર વિરામ નથી લગાવી શકતું જે સીડબલ્યુસીમાં ઉઠી શકે છે. સૌથી મોટી સમસ્યા નેતૃત્વની છે. મોટાભાગના નેતાઓએ અંગત રીતે અને કેટલાકે સાર્વજનિક રીતે ફરિયાદ કરી છે કે કોંગ્રેસ પોતાની છાપ ગુમાવી ચૂકી છે. તે મોદી સામે ન લડી શકે. કોંગ્રેસના અનેક વરિષ્ઠ નેતા અનેકવાર આ વાત પર આશ્ચર્ય વ્યક્ત કરે છે કે પાર્ટીમાં આ શું થઈ રહ્યું છે. સીડબલ્યુસીમાં શક્ય છે કે, રાહુલ ગાંધીના પદભાર ગ્રહણ કરવા માટે અનેક નેતા અવાજ ઉઠાવે. શક્ય છે કે એ સ્પષ્ટ થઈ જાય કે સોનિયા ગાંધી જવાબદારી સોંપવા માંગે છે. પરંતુ જો તેઓ અડગ રહે છે તો શું થશે?

# ભયો ભયો, બિન શોર, મન મોર, ભયો વિભોર,

**વડાપ્રધાન મોદીએ ખાસ દોસ્ત મોર સાથેનો વિડીયો કર્યો શેર : મોદીએ ઇન્સ્ટાગ્રામ પર કવિતા સાથે વીડિયો શેર કર્યો : વીડિયો જોતાં એવું લાગે છે કે મોદીને આવતા જોઈ મોર બગીચામાં નાચવા લાગે છે તેમજ અભિવાદન કરે છે**



નવી દિલ્હી,તા.૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક ખૂબ સુંદર કવિતાની સાથે વીડિયો શેર કર્યો છે. ૧:૪૬ મિનિટના આ વીડિયોમાં વડાપ્રધાન મોદી અનેકવાર મોરને પોતાના હાથથી ચણ ખવડાવતા જોવા મળી રહ્યા છે. આ વીડિયોને જોવાથી એવું લાગી રહ્યું છે કે જે મોરને વડાપ્રધાન ચણ ખવડાવી રહ્યા છે, તે તેમનાથી ઘણો હળી-ભળી ગયો છે. વીડિયોમાં એવું લાગે છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આવતા જોઈ મોર બગીચામાં નાચવા લાગે છે અને તમામ પાંખ ફેલાવીને તેમનું અભિવાદન કરે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈન્સ્ટાગ્રામ પર કવિતાના માધ્યમથી મોરની સુંદરતા અને ખૂબીઓનું વર્ણન કર્યું છે. તેમની આ પોસ્ટ પર અનેક રસપ્રદ રિપ્લાય આવ્યા છે. નોંધનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી હંમેશાથી વન્ય જીવ સંરક્ષણ પર ઘણું ભાર મૂકતા રહ્યા છે. વડાપ્રધાન મોદીએ સ્વતંત્રતા દિવસના ખાસ પ્રસંગે પ્રોજેક્ટ લાયન અને ડોલ્ફિનના સંરક્ષણ સાથે જોડાયેલી યોજનાઓની જાહેરાત કરી છે. તેઓએ કહ્યું કે, આપણી બાયોડાયવર્સિટીના સંરક્ષણ અને સંવર્ધન માટે ભારત પૂરી રીતે સંવેદનશીલ છે. તેઓએ જણાવ્યું કે, છેલ્લા કેટલાક વર્ષોથી દેશમાં વાઘ અને સિંહની સંખ્યા વધી છે. તેને જોતાં હવે દેશમાં આપણા એશિયન સિંહ માટે એક પ્રોજેક્ટ લાયનની પણ શરૂઆત કરવામાં આવશે.

# ચીનથી રમકડાં આયાત થતાં અટકાવવા માટે એકશન પ્લાન

**મોદીએ કેબિનેટ મંત્રીઓ, અધિકારીઓ સાથે ચર્ચા કરી : એવી નીતિ અને માહોલ બનાવવામાં આવે જેથી રાજ્યમાં પ્લાસ્ટિક ટોયઝ બનાવવા ક્લસ્ટર બનાવવામાં આવી શકે**

નવી દિલ્હી, તા. ૨૩

ભારતમાં ચાઈનાથી આવતાં રમકડાં રોકવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેબિનેટ મંત્રીઓ અને ટોચના અધિકારીઓ સાથે મહત્વની બેઠક કરી હતી અને તેમાં કેટલાક આદેશ કર્યા હતા. બેઠકમાં પીએમ મોદીએ તમામ મંત્રાલયને આદેશ આપ્યો કે એવી નીતિ અને માહોલ બનાવવામાં આવે જેથી રાજ્યમાં પ્લાસ્ટિક ટૉયઝ બનાવવા માટે ક્લસ્ટર બનાવવામાં આવી શકે. આ વિશેષ ક્લસ્ટર દેશ માટે તો રમકડા બનાવશે પરંતુ તેની વિદેશોમાં નિકાસ કરવામાં આવી શકે તેમ છે. વોકલ ફૉર લોકલ અને આત્મનિર્ભર ભારત મિશને પણ પ્લાસ્ટિક ટૉયઝ મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપીને સફળ બનાવવા પર પીએમ મોદીએ ભાર મૂક્યો હતો. દેશમાં ચીનથી આયાત કરેલા પ્લાસ્ટિક રમકડાથી સરકાર ઘણી ચિંતિત છે. દેશના બજારોમાં વહેંચી રહેલા બાળકોના પ્લાસ્ટિકના રમકડામાં ચીનનો જબરદસ્ત દબદબો છે. સ્થિતિ એ છે કે ૭૦% પ્લાસ્ટિક રમકડા ઈમ્પોર્ટ કરવામાં આવે છે. માત્ર ૩૦-૩૫% રમકડા જ દેશમાં બને છે.

## એસબીઆઈ વોટ્સએપ મેસેજથી કેશ ઘરે જ પહોંચાડશે

કોરોના સંકટ વચ્ચે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાએ પોતાના ગ્રાહકો માટે નવી એટીએમ સર્વિસ શરૂ કરી છે. આ હેઠળ તમારે માત્ર એસબીઆઈને વોટ્સઅપ મેસેજ અથવા કોલ કરવાનો છે અને એક મોબાઈલ એટીએમ તમારા બતાવેલા લોકેશન પર પહોંચી જશે. એસબીઆઈએ આને ડોરસ્ટેપ એટીએમ સર્વિસ નામ આપ્યું છે. દેશની સૌથી મોટી બેન્ક આ સુવિધા પોતાના ગ્રાહકોને કોરોના વાયરસથી બચાવી રાખવા અને સોશિયલ ડિસ્ટન્સિંગ અકબંધ રાખવા માટે શરૂ કરી છે.